ૐ

મહિલા મોક્ષ.

રચી પ્રસિદ્ધ કર્ત્તા.

દાશંકર ગણુપતરામ ઠાકુર.

વિરમગામ નિવાસી.

ત્તમાળા, પ્રવાસી અને અંગ્રેજી અભ્યાસ

ઇત્યાદિના લેખક.

માવૃતિ. [સર્વહક્ક સ્વાધીન] પ્રત ૨૫૦૦.

સંવત ૧૯૭૪. સને ૧૯૧૮.

કિંમત અમૂલ્ય.

શ્રી જ્ઞાનમન્દિર પ્રીન્ટીંગ પ્રેસમાં
શંકરરાય અમૃતરાયે છાપ્યું.
સાંકડીશેરી રોડ—અમદાવાદ.

પ્રકાશક.

નર્મદાશંકર ગણપતરામ ઠાકર.
અમદાવાદ.

શ્રી:

જેના
હાથમાં કામ
હોય, હૃદયમાં રામ
હોય, આત્મામાં આરામ
હોય મુખમાં મીઠાસ હોય, નિર્દોષ
હાસ્ય હોય, હૈયામાં હેત હોય,
આંખમાં અમી હોય, વાણીમાં સત્ય
હોય પરોપકારમાં પ્રીત હોય અને મગ-
જમાં જ્ઞાન હોય તેવી ગુણીઅલ સ્ત્રીઓને, સાધ્વી
પતિવ્રતા સન્નારીઓને અને મન વાણી
ને કર્મથી પરમ પવિત્ર રહી નિર્મળ
જીવન ગાળનારી દેશના શણગાર-
રૂપ ભારતવર્ષની ભૂત, ભવિષ્ય
અને વર્તમાનકાળની સતી
સ્ત્રીઓના ચરણકમલમાં
આ લઘુ પોથી સમર્પી
કૃતાર્થ થાઉં છું.

નર્મદ. ગ. ઠાકર.

આદિ વચન.

એક બ્હેને પૂછયું કે ' આ ચોપડીનું નામ **મહિલા મોક્ષ** કેમ પાડયું ? ' શું તેમાં મોક્ષ ભરેલો છે ? મેં કહ્યું ' મહિલા એટલે સ્ત્રી અને મોક્ષ એટલે મુક્તિ—એટલે કે સંસારમાં સ્ત્રીઓને મુક્તિ મેળવવાની કુંચીઓ આ નાનકડી પોથીમાં આપેલી છે; અને તે મોક્ષ આ ચોપડીમાં નથી, પરન્તુ તેમાં બતાવ્યા પ્રમાણેનું ઉત્તમ જીવન ગાળવામાં છે.

સદ્ગુણો મેળવવાથી અને તેમને હૃદયમાં કેળવવાથી જે સુખ મળે, જે દિલાસો મળે, જે સંતોષ થાય અને આત્મામાં જે પરમશાન્તિ અનુભવાય તેનું નામ હું મોક્ષ સમજું છું. બાકી બહુ આભડછેટ પાળીએ, ઘણાં વરતવરતુલાં કરીએ ઉપવાસો કરી કાળજાં બાળી નાંખીએ, જાત્રાઓમાં ધન ખરચીએ,

દેવ દર્શન સારૂ દોડા કરીએ, જાગરણો કરીએ અને એવી ઘણીએ જાતની ઉપલક ભક્તિ કરીએ પરન્તુ સાચો ધર્મ સમજ્યા ન હોઈએ, પોતાના જ કુટુમ્બમાં સંપ ન હોય, રાત દિવસ મનમાં ઝેરવેર ઘોળાયા કરે, આત્માને એક ઘડી પણ આરામ ન મળે, મન અહોનિશ અનિષ્ટ વિચારોમાં જ રમ્યા કરે અને મનુષ્ય અવતાર લઇ કોઇનું કાંઇ ભલું ન કરી શકાય તો આપણી તમામ ક્રિયાઓ નિષ્ફળ જાય છે, આપણને જે સાચું સુખ મળવું જોઇએ તે મળતું નથી અને એટલા માટે જ બ્હારની ઉપલક ભક્તિ તે અધુરી-લુખી ભક્તિ છે.

સત્કર્મ, સદાચાર અને નીતિમય જીવનથી જ્યાં સુધી આત્મામાં આનંદનો ઝરો ન વહે, શાન્તિની શિતળતા ન પથરાય અને સંતોષના ઉભરા ન આવે ત્યાં સુધી આપણે

મોક્ષથી દૂર છીએ–ઘણાં દૂર છીએ. માટે જ સ્ત્રીઓને મોક્ષ મેળવવાનું મુખ્ય સાધન તો સદાચરણ જ છે એમ શાસ્ત્રો પણ પોકારીને કહે છે.

સદાચરણથી જીવન મુક્ત થવાય છે એટલે કે જીવતાં છતાં પણ કોઇપણ જાતનાં બંધન કે પાપવિનાનાં અને પવિત્ર રહી શકાય છે. એટલુંજ નહીં પરન્તુ મરણ પછી પણ અમર કીર્તિ મુકી ઇશ્વરના સ્ત સ્વરૂપમાં મળી જવાય છે. સ્ત્રીઓ દુનીઆની દેવીઓ છે. અને સ્ત્રીના ગુણ, અવગુણ મનુષ્ય જાતમાં સીધીરીતે સત્વર ઉતરે છે તે માટેજ જે દેશની સ્ત્રીઓ પવિત્ર, બહાદુર અને કેળવાએલી હોય છે તે દેશના પુરૂષો પણ તેવાજ ધીર, વીર, ગંભીર અને ગુણીઅલ થાય છે. એટલુંજ નહીં પણ સ્ત્રી તો સ્વભાવથીજ સદ્‌ગુણ અને નિર્દોષતાનો નમુનો છે, પ્રેમની

મૂર્તિ છે અને કોમળ લાગણીવાળી હોવાથી જો પ્રજામાં ઉંચી જાતનો વારસો ઉતારવો હોય તો સ્ત્રીઓએ ઉંચા સદ્‌ગુણોને ખંતથી, કાળજીથી અને ધૈર્યથી પોતાના જીવનમાં ઉતારવાની ખાસ જરૂર છે.

આપણો દેશ ઉત્તમોત્તમ સ્ત્રીરત્નો માટે મગરૂર છે. આ દેશનું પ્રાચીન ગૌરવ સીતા, તારા, દ્રૌપદિ, અનસૂયા, અરૂંધતી ઇત્યાદિ મહાન સતીઓનાં જીવન સૌંદર્યનેજ આભારી છે; અને હજુ પણ જો આ ડૂબતા દેશને ઉંચો લાવવો હોય તો આ દેશની સ્ત્રીઓઃમાંજ પ્રથમ ઉચ્ચ ગુણો સ્થાપો.

વ્યવહાર યા ગૃહસ્થાશ્રમરૂપી ગાડીને સન્માર્ગની સડક ઉપર સરળતાથી ચલાવવાને સ્ત્રી રૂપી ડાબું ચક્ર જો બગડેલું હશે તો ગાડીની ગતિ અટકી પડશે અને તેમ થતાં ઉન્નતિનાં દ્વારો સદાયને માટે બંધ થશે.

સ્ત્રીઓ પોતાનો સત્ય ધર્મ સમજે, સદ્દગુણુની મેળવણી વગરની કેળવણી તદ્દન કોરી છે એમ સમજી જ્ઞાનની સાથે ગુણ વધારી પોતપોતાના વર્ણાશ્રમને અનુસરી સ્વકર્માનુ-રાગી બને એવા આશયથી આ અલ્પ પ્ર-યાસ કરવામાં આવ્યો છે.

સ્ત્રી વર્ગમાં સત્યજ્ઞાનનો ફેલાવો કરવાના ઉદ્દેશથી આ ચોપડીને સારા કાગળપર છપા-વવાનું તમામ ખર્ચ આપી સ્ત્રી સમાજમાં મફત વહેંચાવવાની અનુકૂળતા કરી આપવાનું ઉંચું માન સ્ત્રી કેળવણીના ચુસ્ત હિમાયતી અને મ્હારા પરમ હિતચિંતક ધર્મનિષ્ઠ માનવંતા શ્રીમાન શેઠ જીવણલાલ ગીર-ધરલાલને ઘટે છે. મ્હારા તરફની અનેક ભલી લાગણીઓ માટે તે પુણ્યશાળી ઉદાર સદ્દગૃહસ્થનો હું અતિશય આભારી છું. આશા છે કે ગુણવંતી ગુજરાતનો ગુણીઅલ

સ્ત્રી સમાજ આ અલ્પ ભેટને વધાવી લેશે.

પરમ કૃપાળુ પરમાત્મા પ્રતિ નમ્રભાવે યાચના છે કે હે દયાળુ પિતા, અજ્ઞાન તિમિરમાં પડેલા આ ગરીબડા દેશમાં ઉંચા પ્રકારની સ્ત્રી કેળવણી ખૂબ ફેલાય, સ્ત્રી પુરૂષો આ સંસારમાં સર્વત્ર સુખ અને સ્વર્ગ જોતાં શીખે, દુનીઆના દેશોમાં અમારા દેશનું ગૌરવ પાછું પ્રદિપ્ત થઇ દેશને દીપાવે અને આ હિંદુસ્થાન પુનઃ સ્વર્ગનોબગીચો બને તેવું કર અને તેમ કરવામાં હું પણ કાંઇક અલ્પ સેવા ઉઠાવી શકું એવી અનુકૂળતા કરવાની કૃપાકર-अस्तु-

શાહીબાગ;
અમદાવાદ.
તા. ૧-૧-૧૮

નર્મદાશંકર ગણપતરામ
ઠાકર.

શ્રી:

મહિલા મોક્ષ.

(આવોને નંદલાલ રમવા આવોને રે એ ઢાળ.)

શીખ કહું એક શાણી,
બ્હેનો શીખ સુણોને.
નહીં તો જીવિત ધૂળધાણી,
બ્હેનો શીખ સુણોને. ૧

શાન્ત અખંડ સદા સુખ લેવા,
આશ કરી પતિની કરો સેવા;
અન્ય તજો દૂર હેવા,
બ્હેનો શીખ સુણોને. ૨

સૌભાગ્યનો શણગાર ન તજવો,
અબળા સદા સુખ મારગ સજવો;

પતિને કદી નહીં પજવો,
બ્હેનો શીખ સુણોને. ૩

પ્રાણપતિ તમ ઇષ્ટ છે શ્યામા,
ચીડવશો નહીં એને કશામાં;
હાણ છે ઝાઝું હુશ્યામાં
બ્હેનો શીખ સુણોને. ૪

સ્વામી તો બ્રહ્મા ને શિવ સમ લેખો,
અન્ય પુરૂષને કદિ નહીં લેખો;
પ્રેમથી નાથને પેખો,
બ્હેનો શીખ સુણોને. ૫

ભામિની કંથ ભૂષણ છે તમારો,
શ્રી પ્રભુને કરજોડી પોકારો;
વ્હાલાની આયુ વધારો,
બ્હેનો શીખ સુણોને. ૬

પૂજન નિત્ય પતિતણું કરવું,
વામા સદા શુભ પંથે વિચરવું;
દુષ્ટ થકી દીલ ડરવું,
બ્હેનો શીખ સુણોને. ૭

ચાલવું ચોંપથી નિત્ય ચતુરા,
સ્વામીની સેવામાં રહોના અધૂરાં;
કોડ થશે સહુ પૂરા
બ્હેનો શીખ સુણોને. ૮

કામ વિના પરઘેર ન જાવું,
રસ્તે જતાં કદી ખોટી ન થાવું;
મારગ સુખનો બતાવું,
બ્હેનો શીખ સુણોને. ૯

પતિને પૂછયા વીણુ કયાંઈ ન જાશો,
નિરખો નહીં નાટક કે તમાશો;

વિશ્વમહીં વખણાશો,
બ્હેનો શીખ સુણોને. ૧૦

શિયળ સદા સાચવજો તમારૂં,
વદવું વચન મુખમાંથી રસાળું;
ચહાવું સરવતણું સારૂં,
બ્હેનો શીખ સુણોને. ૧૧

વસ્ત્ર ન પહેરવાં ઝીણાં શરીરે,
ન્હાવું સદા બ્હેનો નિર્મળ નીરે;
લોપો ન લાજ લગીરે,
બ્હેનો શીખ સુણોને. ૧૨

પીયરવલાં બહુ બ્હેન ન થાવું,
સર્વમહીં ગુણવંત ગણાવું;
ગીત નઠારૂં ન ગાવું,
બ્હેનો શીખ સુણોને. ૧૩

થાવું કુશળ શીખવી શુભરીતી,
આચરવી નહીં સ્વપ્ને અનીતિ;
રાખવી મંગળ નીતિ,
બ્હેનો શીખ સુણોને. ૧૪

સુંદર રોજ રસોઇ બનાવો,
ઉત્તમ કાર્ય કરી લેવો લ્હાવો;
ડાહ્યાં બધામાં ગણાઓ,
બ્હેનો શીખ સુણોને. ૧૫

પતિને જમાડયા પછી રોજ જમવું,
ચોપાટ કે ગંજીફાથી ન રમવું;
ભામિની બહાર ન ભમવું,
બ્હેનો શીખ સુણોને. ૧૬

શિક્ષા સદા સુજ્ઞ નારની ધરવી,
ઘરની વાતો કદી બહાર ન કરવી;

નરસી સોબત પરહરવી,
બ્હેનો શીખ સુણોને. ૧૭

રાંધવું સર્વ સદા શુભ રીતે,
પીરસવું પ્રાણનાથને પ્રીતે;
ધરજો શીખામણ ચિત્તે,
બ્હેનો શીખ સુણોને. ૧૮

સંસારનો સહુ સારજ જાણો,
સ્વામી સેવા મહીં સ્નેહથી માણો;
રોષ ન કોપર આણો,
બ્હેનો શીખ સુણોને. ૧૯

કાળ કદીએ નકામો ન ગાળો,
દુષ્ટ વેણે કોનાં ચિત્ત ન બાળો;
વૃત્તિ દયા ભણી વાળો,
બ્હેનો શીખ સુણોને. ૨૦

ધરવી સદા પતિની શીખ માથે,
તરત કરો જે કહ્યું હોય નાથે;
લડતાં નહીં કોઈ સાથે,
બ્હેનો શીખ સુણોને. ૨૧

ટંટો ફીસાદ કોથી નવ કરવાં,
ઢોંગ કરી કદી નેત્ર ન ભરવાં;
દુઃખ પડે તે વીસરવાં,
બ્હેનો શીખ સુણોને. ૨૨

મગરૂરી ધન યૌવનની ન રાખો,
સ્વામી સેવા તણો સ્વાદજ ચાખો;
જૂઠ કદી નહીં ભાખો,
બ્હેનો શીખ સુણોને. ૨૩

ભૂલજો થાય કદીક તમારી,
વિનયવડે માફી માગવી સારી;

નહીંતો થશે ક્લેશ ભારી,
બ્હેનો શીખ સુણોને. ૨૪

સગાંની સાથ હળી મળી ચાલો,
ગર્વ કરી મનમાં નવ મ્હાલો;
કરવો નહીં ઠાઠ ઠાલો,
બ્હેનો શીખ સુણોને. ૨૫

બોલવું ચાલવું જોઇ વિચારી,
રહેવું વિનયથી વિવેક વધારી;
તજવી ખોટી હુંશીઆરી,
બ્હેનો શીખ સુણોને. ૨૬

સંપી સહુથી રામા રોજ રહેવું,
સંકટ સજની ધીરજથી સહેવું;
કોને કુવેણ ન કહેવું,
બ્હેનો શીખ સુણોને. ૨૭

સાસુ નણંદને નહીંરે સંતાપો,
મેણાં કહી કષ્ટ કોને ન આપો;
દીનનાં દુઃખડાં કાપો,
બ્હેનો શીખ સુણોને. ૨૮

સાસુ દેરાણી જેઠાણીને નણદી,
સસરો દીયર વળી સાથ સંબંધી;
રહેજો વનિતાઓ વંદી,
બ્હેનો શીખ સુણોને. ૨૯

માતને તાતનું નામ દીપાવો,
સદ્ગુણથી નિજ કુળ શોભાવો;
સમય મળે નહીં આવો,
બ્હેનો શીખ સુણોને. ૩૦

વાસણ કુસણ રાચ રચીલાં,
કપડાં ઘરેણાં ને પૈસા બચેલા;

જાળવવા જનમેલાં,
બ્હેનો શીખ સુણોને. ૩૧

દળવું સોવું અને ભરવું ચીતરવું,
ખાંડવું રાંધવું ધોવું વીંછળવું;
કાળજી રાખીને કરવું,
બ્હેનો શીખ સુણોને. ૩૨

બાળને ક્રોધ કરી નહીં મારો,
રાત દિવસ બોધ આપવો સારો;
હુન્નર દેજો હજારો,
બ્હેનો શીખ સુણોને. ૩૩

સંતાનને કેળવણી દો સારી,
પડે ન જે થકી ટેવ નઠારી;
શીખવો બોલી રસાળી,
બ્હેનો શીખ સુણોને. ૩૪

બાળકને શુભ વિદ્યા ભણાવો,
બાળપણે વળી નહીં પરણાવો;
તો તો હિતેચ્છુ ગણાઓ,
બ્હેનો શીખ સુણોને. ૩૫

પુસ્તક સારાં સદા વળી વાંચો,
ભણતરનો ઉપયોગ એ સાચો;
અન્ય ઉપાય છે કાચો,
બ્હેનો શીખ સુણોને. ૩૬

સતીઓ પવિત્રનાં વાંચો ચરિત્ર,
જુઓ સીતા દમયંતીનાં ચિત્ર;
જેનાં તારામતી, મિત્ર,
બ્હેનો શીખ સુણોને. ૩૭

વેદવતી, પારવતી, સુમિત્રા,
અશ્રુમતિ, ઇલા ને લોપામુદ્રા,

તેવાં સતી છે સુભદ્રા,
બ્હેનો શીખ સુણોને. ૩૮

સતીઓ અનેક થઇ હિંદમાંહીં,
જે તણું પુન્યનો પારજ નાંહીં;
વિશ્વ વિષે વખણાઇ,
બ્હેનો શીખ સુણોને. ૩૯

ગાશે તે તો ગંગામહીં ન્હાશે,
સાંભળનારનાં પાતક જાશે;
વૈકુન્ઠ દર્શન થાશે,
બ્હેનો શીખ સુણોને. ૪૦

બ્હેનો જે **નર્મદની** શીખ ધરશે,
કુંથની સેવા સાચે દીલે કરશે;
તે ભવસાગર તરશે,
બ્હેનો શીખ સુણોને. ૪૧

હિંદુસ્થાનનો ઉદય કયારે થશે ?

સારૂં સારૂંરે સૂરત શહેર મુંબઇ અલબેલી એ ઢાળ.

મમ પ્યારા હિંદુસ્થાન
તુહારો જય થાશે;
સમજી શુભ પંથે ચાલ
તો સંકટ જાશે. ૧

પ્રથમ ખોટ છે હાય ખરેખર
બ્રહ્મચર્યની ભારે રે,
બાળલગ્નનાં બંધનથી
જો ઈશ્વર તુજને તારે
ત્યારે જય થાશે.–મમ. ૨.

ચાહ કૉફીને અફીણુ ભાંગ
સાટે વપરાશે દૂધરે;

દુર્વ્યસનનો ત્યાગ થશે
તે પછી આવશે સુદ્ધ
ત્યારે જય થાશે.–મમ. ૩.
સદ્વિદ્યા પર સ્નેહ થશે
આળસ સહુ જાશે જ્યારે રે;
નિજધર્મપર ધ્યાન દઇ
ઉદ્યોગ સુઝશે ત્યારે
ત્હારો જય થાશે–મમ. ૪.
વખત તણો વ્યય નિશદિન થાશે
જો સહુ ઉત્તમ કામેરે;
એક બીજાનું હિત ચ્હાશે જો
તો જસ ત્હારો જામે
ત્યારે જય થાશે–મમ. ૫.
વિદ્યાવંત અને ધનવંતો
જો ઉત્તેજન આપેરે;

કમાઇમાંથી ખરચ કરીને
પરનાં સંકટ કાપે
ત્યારે જય થાશે-મમ. ૬.
ભામનીઓ ભારત માતાની
કેળવણી લઇ સારીરે;
શિક્ષણનો આદર્શ અમૂલો
લેશે નરને નારી;
ત્યારે જય થાશે-મમ ૭.
વૃદ્ધ બાળને યુવાન સઘળા
સ્વકર્મ પંથ વળશેરે;
જ્ઞાનગુણની ગ્રંથીથી
ભાવી ભારતનું ફળશે
ત્યારે જય થાશે-મમ ૮.
ધીરજ અને ઉદ્યમથી ઈશ્વર
સહાય થશે એ માનીરે;

શાસ્ત્ર તણી આજ્ઞા અનુસરતાં
   અડચણ તુજને શાની?
      ર્‌હારો જય થાશે.–મમ ૯.

જ્ઞાન અને સદ્‌ગુણ સેવતાં
   સ્વર્ગ સમો સંસારરે
અસારમાંથી સાર સમજતાં
   નર્મદ બેડો પાર,
   ર્‌હારો જય થાશે. મમ પ્યારા ૧૦

સ્મરણમાં રાખોકે:—

૧. જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં દેવતાઓ પ્રસન્ન રહે છે.

૨. સ્ત્રીઓ દુનિયાની દેવીઓ છે અને પુરૂષો દેવો છે.

૩. સદાચરણ મનુષ્યજાતનો મોટો વારસો છે.

૪. બાળલગ્ને તમારા દેશને ઘણુંજ નુકસાન કર્યું છે.

૫. ભણીને સ્ત્રીઓ સ્વચ્છંદી બને તે કરતાં અભણ રહે તે વધારે સારૂં છે.

૬. કેળવાએલી સ્ત્રીઓના કેળવાએલા પુત્રોથી દેશ દીપે છે.

૭. જે દેશમાં કરોડોની સંખ્યામાં સ્ત્રીઓ અભણ હોય તે દેશની ઉન્નતિની આશા ક્યાંથી રખાય?

૮. આર્ય ગૃહસંસારમાં સ્ત્રીનો દરજ્જો ઘણો ઉંચો છે.

૯. જે ઘરમાં ઉત્તમ આચાર વિચાર અને ચારિત્ર્ય વાળી સ્ત્રીનો વાસ છે તે ઘર સ્વર્ગ સમાન છે.

૧૦. માનવ જીવનની શ્રેષ્ઠતાનો મુખ્ય આધાર સ્ત્રીની શ્રેષ્ઠતાપર છે.

જોઇએ છીએ.

ભારતવર્ષનું ભાવી સુધારવાને હિંદ સ્ત્રીઓમાં ઉત્તમ ચારિત્ર્યનું બળ, સ્વકર્મ સં જવાનું જ્ઞાન અને સત્ય ધર્મ પાળવાનો જુસ્સે દેશની દરિદ્રતા કાઢવાને દરેક ઘરમાં સારા સા હુન્નર ઉદ્યોગની સ્થાપના. હિંદની પંદર કરે જેટલી અજ્ઞાન સ્ત્રીઓને સાચું શિક્ષણ મળે તે શાળાઓ, બાળલગ્ન બંધ કરાવી શકે તેવા દેશ દાઝ વાળા સમર્થ વકતાઓ અને સદાચરણી ઉપદેશકે

લખો અગર રૂબરૂ મળો.—

તમારાજ આત્મમંદિરમાં

પ્રભુ તુલ્ય સર્વજ્ઞ સમર્થ ગુરૂમહારાજ

મહાત્મા **આત્મારામજીને**

ઠે. માનવ શરીર.—**મૃત્યુલોક.**

નર્મદાશંકર ગણપતરામ ઠાકર.

સાંકડીશેરી—નાનશા જીવણનીપોળ—**અમદાવાદ.**